સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા દ્વારા સફાઈ કાર્ય



## @ગાંધીનગર

● સે-૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૯.૦૦ કલાકે એચ.બી. કાપડીયા સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાશે.

● પેથાપુરના નિલકંઠ વિલા ફલેટ ખાતે ગણેશ મહોત્સવ અંતર્ગત રાત્રે ૭.૩૦ કલાકે આરતી બાદ મકાજી વાઘેલા અને ઈકબાલજી પઠાણના રાસ ગરબા યોજાશે.

● સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે ગણેશ મહોત્સવમાં રાત્રે ૮.૩૦ કલાકે પાટણના પંચમ ગ્રુપ દ્વારા રાસ ગરબા યોજાશે.

● ગાંધીનગરના સમાચારના કોલમીસ્ટ ડૉ. જય ઓઝાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૫૨, સહકાર કોલોની, નવરાત્રિ ચોક પાસે, સે-૨૫ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ગાંધીનગરના અશ્વિન પાઠક મંડળ દ્વારા સુંદરકાંડના પાઠ યોજાશે.

● કલ્ચરલ ફોરમ દ્વારા પાટીદાર અનામત આંદોલનના કારણે કેન્સલ કરવામાં આવેલ નાટક 'જીંદગી એક સફર હે સુહાના'નો શો ટાઉનહોલ ખાતે રાત્રે ૯.૩૦ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# હું હજુ પણ ગાંધીનગરની સીમ્પલ ગર્લ છું : અવની મોદી

## નરેન્દ્ર મોદી મારા રોલ મોડેલ છે : ગુજરાતીઓને ઈમેજ તોડી તેને વૈશ્વિક કક્ષાએ લઈ જવા માંગુ છું : ગાંધીનગરની હરિયાળી, પહોળા રસ્તા અને પોતાના ઘરને ખુબ 'મીસ' કરું છું : મધુર ભંડારકરના શબ્દો 'તુઝપે તો મૈં કોન્ફીડન્ટ હું'એ જાદુ કર્યો

## કેલેન્ડર ગર્લ્સના પ્રિમીયર માટે ગાંધીનગર આવેલી અવની મોદીની કેફિયત

**(સમીર રામી દ્વારા)**

ગાંધીનગર, તા.૨૫

હું હજુ પણ ગાંધીનગરની સીમ્પલ ગર્લ જ છું, જયારે પણ શુટિંગ માટે મહિનાઓ સુધી ગાંધીનગરથી દુર હોઉં છું ત્યારે મારા ઘરને ખૂબ મીસ કરું છું કારણ કે મુંબઈ મોટું છે ત્યાં પણ ઘર નાના છે, હું ગુજરાતીઓની ઈમેજને તોડવા માંગુ છું. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને વૈશ્વિક કક્ષાએ લઈ જવા માંગુ છું એટલે હું એક ગુજરાતી ફિલ્મ બનાવવાની છું જે મારા મનમાં તૈયાર છે, હું ગુજરાતી મા-બાપને કહેવા માંગુ છું તમારા સંતાનના સપનાને સમજો અને તેમને ઉડવા માટે પાંખો આપો, તેમનામાં ક્ષમતા હશે ત્યારે જ તો તેમણે સપના જોયાં હશે. આ શબ્દો છે મધુર ભંડારકરની રીલીઝ થયેલી બહુ ચર્ચિત ફિલ્મની હિરોઈન ગાંધીનગરની અવની મોદીના. આ ગુજ્જુ ગર્લ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના રોલ મોડેલ માને છે.

ગાંધીનગર-કોબા હાઈવે પર સીટી પલ્સ થીએટર ખાતે હિન્દી ફિલ્મ કેલેન્ડર ગર્લ્સના પ્રિમીયર શૉ માટે આવી પહોંચેલ અવની મોદીએ ગાંધીનગર સામાચાર સાથે વાત કરતા જણાવ્યું હતું કે ગુજરાતી તરીકે મને કયાયં તકલીફ પડી નથી ઉલ્ટાનો ફાયદો થયો છે, આખા ગુજરાતે મને ભરપૂર સપોર્ટ કર્યો છે. બોલીવુડમાં અનેક એકટ્રેસીસ જે ભારતીય નથી છતાં હિન્દી ફિલ્મોમાં કામ કરી સફળ થઈ છે મને પણ દક્ષિણ ભારતની ફિલ્મોમાં કામ કરવામાં કોઈ તકલીફ પડી નથી. પરંતુ ત્યાંથી ઘણું શીખવા મળ્યું છે. દક્ષિણની ફિલ્મો આમ તો મોટે ભાગે પુરુષ પ્રધાન હોય છે પણ ત્યાં શિસ્તપાલન ઘણું છે અને કામ પ્રત્યેની કટિબધ્ધતા ખૂબ છે. હિન્દી ફિલ્મોમાં રેખાજીથી હું ખૂબ જ પ્રભાવિત છું, તેમની જીવન કથામાં ઘણા બધા ઉતાર ચડાવ



આવ્યા છે છતાં તેમણે એક ખાસ જગ્યા બનાવી છે તે મને ખૂબ પ્રેરિત કરે છે. મારું સપનું બોલીવુડના શહેનશાહ અમિતાભ બચ્ચન સાથે કામ કરવાનું છે અને જે દિવસે હું તેમની સાથે કામ કરીશ ત્યારે ગાંધીનગરવાસીઓને જરૂર ગર્વ થશે.

અંગત રીતે હું વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબની ખૂબ મોટી ફેન છું. અને તેમનું જીવન પણ મારે માટે ખૂબ પ્રેરણાત્મક છે. તેઓ મારા રોલ મોડેલ છે તેવું બેધડક જણાવતા અવનીએ કહ્યું હતું કે તે સારી ઓફર હશે તો ગુજરાતી ફિલ્મોમાં કામ કરશે એટલું જ નહી પરંતુ પોતે એક ગુજરાતી ફિલ્મનું નિર્માણ કરવાની છે. આ માટેનો પ્લોટ તેના મનમાં તૈયાર જ છે. તે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને વૈશ્વિક કક્ષાએ પહોંચાડવા માંગે છે. આ માટે પહેલ પણ તે કરવા તૈયાર છે. તેણે વિચારેલી ગુજરાતી ફિલ્મનું સ્ટાન્ડર્ડ ખુબ ઉંચી કક્ષાનું હશે. તેણે ગાંધીનગરના તમામ માતા પિતાને શિખામણ આપી હતી તે તમારા બાળકોના સપનાને સમજો અને તેમને ઉડવા માટે પાંખો આપો, તમારા બાળકો જે સપનું જોઈ શકે છે તેની તેમનામાં ક્ષમતા હોય તો જ જોઈ શકે. એક તબક્કે અવનીએ કહ્યું હતું કે તે હજુ પણ ગાંધીનગરની સીમ્પલ ગર્લ જ છે અને જયારે પણ ગાંધીનગરથી દૂર હોય ત્યારે પોતાના ઘરને ખૂબ મીસ કરે છે તે ગાંધીનગરની હરિયાળી અને પહોળા રસ્તાને પણ ખૂબ મીસ કરે છે. તે કહે છે ગાંધીનગરના રસ્તાઓ પર ટ્રાફિક સિગ્નલ પર થોભવું પડતું નથી અને છુટથી ડ્રાઈવ કરી શકાય છે તે ખુબ ગમે છે.

મધુર ભંડારકર સાથેના અનુભવ વર્ણવતા તેણે જણાવ્યું હતું કે હું પહેલા નર્વસ હતી અને શુટીંગ ચાલુ થવાના એકાદ દિવસ અગાઉ તેમને મળી મુંઝવણ વ્યકત કરી તો મધુર ભંડારકરે કહ્યું કે 'તું કયું ટેન્શન લે રહી હે, તુઝપે તો મેં કોન્ફીડન્ટ હું' બસ તેમના આ શબ્દોએ જાદુ કર્યો અને હું આત્મવિશ્વાસથી આ ફિલમ કરી શકી. અવની જણાવે છે કે તે એકટ્રેસ તરીકે એક કેટેગરીમાં બંધાઈ જવા નથી માંગતી પરંતુ તમામ ઝોનમાં કામ કરવા માંગે છે અને તેને તમામ ડીરેકટર્સ સાથે કામ કરવું છે. જો કે એક ગુજરાતી તરીકે અવનીને સંજય લીલા ભણશાલી પર ખૂબ ગર્વ છે અને તેમની મોટી ફેન છે.

## વાતવાતમાં

● સે-૬માં સંત રોહિદાસજી મંદિર ખાતે મલ્હાર ગૃપના ગરબા કલાસમાં તાજેતરમાં તારક મહેતાના સુંદરમામા મયૂર વાકાણી પધાર્યા હતા. સુંદરમામાએ તેમના અમદાવાદી ગરબા ગાંધીનગરના ખેલૈયાઓને શીખવાડયા હતાં.

● સે-૨૩ના નિસર્ગ સાયન્સ સેન્ટરની બાજુમાં એક વીજ પોલ પર હજુ પણ ઝંઝાવાતી વરસાદમાં તુટી પડેલા ઝાડની મોટી ડાળ લટકે છે. આ વીજ પોલ આગળના રસ્તેથી કડી સંકુલ તથા ગુરૂકુલના હજારો વિદ્યાર્થીઓ પસાર થાય છે.

● કડી સર્વ વિદ્યાલય સંકુલની એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ હાઈસ્કૂલ ખાતે આજે રસોઈ સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધા હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ દ્વારા આયોજિત છે.

● સે-૧૧માં અખબાર ભવન સામે સ્પીડબ્રેકર પર સફેદ પટ્ટા દોરવામાં નથી આવ્યા જેના કારણે અનેક વાહનચાલકોને આ બમ્પની ખબર જ નથી પડતી. કોઈ વાહનચાલકને ઈજા થાય તે પહેલા સફેદ પટ્ટા દોરવામાં આવે તે જરુરી બન્યું છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## આજે અનામતની અદાલત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

અનામત સુરક્ષા આંદોલન દ્વારા 'અનામતની અદાલત' કાર્યક્રમ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ (સે-૧૭, ચ-૫ પાસે) ખાતે તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧.૩૦થી ૪.૩૦ કલાક સુધી યોજાશે. જેમાં વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવશે.

ગુજરાતમાં ચાલી રહેલા અનામત અંગેના આંદોલનમાં સાચી મહિતીથી લોકોને જાગૃત કરવા 'અનામતની અદાલત' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અનામત વિશેના વિવિધ વિષયો પર ચર્ચા અને ચિંતન કરવામાં આવશે તેમાં (૧) અનામતનો ઈતિહાસ (૨) અનામત હોય તો કેમ અને ના હોય તો કેમ (૩) સરકારે ઉચ્ચવર્ણ અંગે અનામતના જાહેર કરેલા પેકેજથી ફાયદો કે ગેર ફાયદો (૪) વર્ગ-વિગ્રહથી દુર રહેવા અપીલનો સમાવેશ થાય છે તેમ અનામત સુરક્ષા આંદોલનના કન્વીનર રણવીર દેસાઈ (એડવોકેટ)એ જણાવ્યું છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશનની કાર્યવાહક સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની કાર્યવાહક સમિતિની બેઠક ઉપ્રમુખશ્રી એસ.ડી. પરમારના પ્રમુખપદે યોજાયેલ હતી. મહામંત્રીશ્રી મુળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા ગત મીટીંગની કાર્યવાહી નોંધનું વાંચન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરને આધુનિક શહેર તરીકે વિકસાવવાની કાર્યપધ્ધતિ હેઠળ ગરીબોને રહેવા માટે 'રેનબસેરા-નાઈટ શેલ્ટર' બાંધવાની રજુઆત અંગે કોઈ કાર્યવાહી સરકારમાં થયેલ નથી. આર.ટી.આઈ. નીચે માંગવામાં આવેલ માહિતિ શ્રી જે.ટી. સિંધવ દ્વારા રજુ કરેલ હતી જેની ચર્ચા કરવામાં આવી હતી. 'ઈન્ડિયા આફટર આંબેડકર' બાબતે ચિંતન શિબિર, બાંધકામ ક્ષેત્રે રોકાયેલા મજુરોના કલ્યાણ માટે અસંવેદનશીલતા, નાણાંકીય શિસ્તના ભંગ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. શ્રી જે.ટી. સિંધવે આભાર માન્યો હતો. મીટીંગની સ્થળ વ્યવસ્થા માટે શ્રી પી.જે. રાઠોડનો આભાર માનવામાં આવ્યો હતો.



ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ગામે જલ ઝીલાણા એકાદશીની ઉજવણી નિમિત્તે બિરાજમાન પ્રમુખની પાલખી ઘેર ઘેર લઈ જવામાં આવી હતી. જયાં ભાવિક ભકતોએ પૂજા અર્ચના કરી આરતી ઉતારી પંજરીની પ્રસાદી વહેંચી હતી. ચિલોડા રામજી મંદિરથી નીકળેલી શોભાયાત્રા શેરી શેરીએ ફરી હતી. જેમાં મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતા. ભગવાનના દર્શન કરી ભકતોએ ધન્યતા અનુભવી હતી. **(તસવીર : નટુભાઈ પટેલ)**

# ઈન્દ્રોડા પાર્કમાંથી બીએસએફનાં જવાનનો મૃતદેહ મળ્યો

## મહારાષ્ટ્રનો જવાન ગાંધીનગર કેવી રીતે પહોંચ્યો તે પરિવારને પણ ખ્યાલ નથી...! : મૃત્યુનું કારણ એફએસએલ રીપોર્ટ પર પેન્ડીંગ

ગાંધીનગર, તા.૨૫

શહેરના જ માર્ગ પર આવેલા ઈન્દ્રોડા પાર્કની અંદરથી આજે સવારે એક બીએસએફનાં જવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસને જાણ થતા ઈન્ફોસીટી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. માટે મોકલી પેનલ ડોકટર વડે પીએમ કરાવી તપાસ શરૂ કરી છે. જવાન મહારાષ્ટ્ર પાસેનો હોવાનું ધ્યાને આવતા તેના પરિવારને સંપર્ક કરી બોલાવી લેવાયા છે. પરંતુ પરીવારજનો પણ જાણતા નથી કે જવાન ગાંધીનગર કેવી રીતે પહોંચ્યો...? પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે. પ્રાથમિક તબક્કે હાર્ટ એટેકથી મૃત્યુ થયું હોવાની આશંકા વ્યકત કરવામાં આવી છે. જો કે ચોકકસ કારણ એફએસએલના રીપોર્ટ આવ્યા બાદ જ કહી શકાય...!

સવારે નવેક વાગ્યાના અરસામાં ઈન્દ્રોડા પાર્કની અંદર ઝાડીઓમાં એક બિનવારસી મૃતદેહ પર કર્મચારીનું ધ્યાન પડતા પોલીસ બોલાવી લેવામાં આવી હતી. ઈન્ફોસીટી પોલીસ મથકનાં પીએસઆઈ એમ.આર. પટેલ તેમની ટીમ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા અને મૃતક પાસે પડેલી બેગ તપાસતા તેમાંથી આઈડેન્ટીટી કાર્ડ મળી આવ્યું હતું. મૃતક ૪૦ વર્ષીય નરેશભાઈ હીવરાલય હોવાનું ધ્યાને આવ્યું હતું. મુળ મહારાષ્ટ્રનો વતની નરેશભાઈ ૭૨-બટાલીયનનો બીએસએફ જવાન હોવાનું ખુલ્યું છે. મહારાષ્ટ્ર તેના પરિવારજનોને સંપર્ક કરી બોલાવી લેવામાં આવ્યા છે પરંતુ નવાઈની વાત તો એ છે કે પરિવારજનોને પણ ખબર નથી કે તે ગાંધીનગર કેવી રીતે પહોંચ્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પોસ્ટમોર્ટમ પેનલ ડોકટરથી કરાવી વિશેરા એફએસએલમાં મોકલી આપ્યા હતા. મૃત્યનું કારણ એફએસએલ રીપોર્ટ બાદ બહાર આવશે. જો કે પ્રાથમિક તપાસમાં મૃત્યુ હૃદય રોગના હુમલાથી થયું હોવાની આશંકા વ્યકત કરવામાં આવી છે. મૃતકના પરિવારજનો શનિવારે સવારે પહોંચશે જેને પગલે મૃતદેહ કોલ્ડ રૂમમાં મુકવામાં આવ્યો છે.

### ઈન્દ્રોડા પાર્કના સીસીટીવી કેમેરા ત્રણ મહિનાથી બંધ...!

પોલીસે ઈન્દ્રોડા પાર્કમાંથી મૃતદેહ મળ્યા બાદ મૃતક જવાન કયારે પાર્કમાં આવ્યો હતો તેની તપાસ કરવા માટે મુખ્ય ગેટના સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરવા કવાયત હાત ધરી હતી ત્યારે ખ્યાલ આવ્યો કે ઈન્દ્રોડા પાર્કમાં લગાડેલા સીસીટીવી કેમેરા શોભાના ગાંઠીયા સમાન છે. છેલ્લા ત્રણ મહિનાથી સીસીટીવી કેમેરા બંધ હોવાનું ધ્યાને આવ્યું છે.



ભુવનેશ્વર યુવક મંડળ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા આયોજીત ગણેશોત્સવમાં ગુરુવારે જાણીતા કલાકાર રાજભા ગઢવીએ રંગત જમાવી હતી. ગુજરાતી લોકસાહિત્ય અને શૌર્યગાથાને વણી લેતા આ ડાયરાના કાર્યક્રમમાં સ્થાનિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## સે-૫-બી નવરાત્રી મહોત્સવની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૫

નવરાત્રીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે નવરાત્રી મહોત્સવના આયોજકોમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. નવરાત્રીના આયોજનકર્તાઓની બેઠકો રાત્રીના સમયે યોજાય છે ત્યારે શહેરના સેકટર-૫-બી ખાતે વિનાયક મિત્ર મંડળ દ્વારા દર વર્ષે નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. જેને પગલે આગામી નવરાત્રી માટે તા. ૨૭ સપ્ટેમ્બરને રવિવારના રોજ રાત્રે ૯-૦૦ કલાકે મહાકાલી મંદિર ખાતે વસાહતીઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ વસાહતી ભાઈ-બહેનોને આ પ્રસંગે હાજર રહેવા વિનાયક મંડળના કાર્યકર્તા ભરત ઠાકોરે અનુરોધ કર્યો છે.

"આચાર એ જ પ્રચારનું શ્રેષ્ઠ માધ્યમ છે"

# સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા દ્વારા સફાઈ કાર્ય

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવા દ્વારા આજે સમાજસેવાનું એક નોખું કામ કરીને સમાજને સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો. કામ નાનું દેખાય એવું હતું, પરંતુ નાનું હતું નહીં, કામ સૌ કરી શકે એમ હતું પરંતુ સૌ કરતું નથી અને કામ રોજ કરવામાં આવે તો મોટું થાય પણ નહીં પરંતુ રોજ કોઈ કરતું નથી એવું હતું.

કામ સફાઈનું હતું, જાહેર રસ્તાઓની સફાઈનું. આપણે ત્યાં હવે તો જાહેર રસ્તાને કિનારે કચરાપેટીઓ નજરે ચડે એ રીતે રાખવામાં આવે છે પરંતુ એનો ઉપયોગ કેટલા લોકો કરે છે એ આપણે સારી રીતે જાણીએ છીએ.

હવે શહેરીજનો જ જો કચરો ગમે ત્યાં નાખી દેતા હોય તો અતિથિઓની તો એ માટે જોર આપી જ કેવી રીતે શકાય ? પગપાળા અંબાજી જતા યાત્રાળુઓ ગાંધીનગરમાંથી પસાર થયા અને એમણે રસ્તાની આસપાસ જે કચરો ફેલાવ્યો એના કારણે શહેરના રસ્તાઓ ઉપર કચરો જોઈ શકાય એ રીતે વધી ગયો હતો. આ કચરો સાફ કરવાનું બીડું ઝડપ્યું સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાએ.

અલબત્ત, તંત્ર પણ આ કામમાં મદદરૂપ થયું અને સફાઈનાં સાધનો, કચરો ઉપાડવા માટેના વાહન વગેરેની વ્યવસ્થા મહાનગરપાલિકાએ કરી આપી. હકીકત એ પણ છે કે સંસ્થા કંઈ આખા શહેરનો કચરો સાફ ન કરી શકી પરંતુ જે મહત્ત્વનો સંદેશ તેણે પોતાના આ કાર્યના માધ્યમથી ફેલાવ્યો છે તે એ છે કે આવાં કામ ક્યારેક તો કરવાં જોઈશે અને આપણે જ કરવાં જોઈશે, કોઈ બીજું એને કરવા માટે નહીં આવે.

જેમ ડૉ. આંબેડકરે કહ્યું હતું તેમ, 'તમારો ઉદ્ધાર તમારે જ કરવાનો છે. તમે જ તમારા ભાગ્યવિધાતા છો.'

સફાઈ એ માત્ર આદતનો વિષય છે, પરંતુ આપણા બદનસીબે આપણને એ આદત પડી નથી. એક શિક્ષિત વ્યક્તિ પણ બહુ આરામથી સરેઆમ રસ્તા ઉપર કાગળ કે પ્લાસ્ટીક ફેંકી દે છે અને એને જરાય શરમ પણ નથી આવતી ! એ આપણી બદનસીબી છે, જેના કારણે આ શહેર હરિયાળું ને રળિયામણું શહેર હોવા છતાં અનેક પ્રકારના રોગોનો ભોગ આ શહેરના લોકો બને છે.

ખેર, એ શરમને થોડી ઓછી કરવાનું કામ સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાએ કર્યું એ માટે એને ધન્યવાદ આપવા ઘટે.

સવારે આઠ કલાકે પંચદેવ મંદિર સૌ ભેગા થયા, ચાર જૂથમાં વહેંચાયા. એ પછી સી ઍલ મહેતા દ્વારા સૌને રૂટ સમજાવવામાં આવ્યા અને કામગીરી સમજાવવામાં આવી. મ્યુનિસિપલ કમિશનર, મહેન્દ્રભાઈ ત્રિવેદી અને પ્રમુખ જીલુભાએ સૌને શુભકામનાઓ પાઠવી અને પછી સૌ જોડાઈ ગયા સફાઈ કાર્યમાં.

એમાં મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ પણ ખરા અને મહિલાઓ પણ ખરી. કુંવરજીભાઈ પટેલ, આશાબેન સરવૈયા, વી ઍસ ગઢવી, ભુવનેશ્વર યુવક મંડળના સભ્યો, કેતન ધોળુ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સભ્યો ઉપરાંત જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ અને આયોજક સંસ્થાના થોડા સેવાભાવી સભ્યો સામેલ. અને હા, બે નાનાં બાળકો પણ ખરાં : એક બાળકી ત્રિશા અને બાળક દેવ. પોતાના પિતા સાથે બંને આવેલા અને કોઈ જ સૂચના વિના સૌ કરતા હતા એમ સફાઈ કરવામાં લાગી ગયા હતા. કાર્યક્રમની સૌથી મોટી કોઈ સફળતા હોય તો તે આ હતી, બાળવયથી વ્યક્તિમાં સારી ટેવો નાંખવામાં આવે તો ભવિષ્યમાં નાગરિકોનાં આવાં કામો કોઈ સંસ્થાએ ન કરવાં પડે.

આવા કાર્યક્રમમાં બાળકોની સામેલગીરી માટે સંસ્થાને અને એ બાળકોના માતા-પિતાને સો સલામ.

બપોર સુધી સફાઈ કાર્યક્રમ ચાલ્યો અને પછી સૌ સાથે મળીને જમ્યા. જે કામ અન્ય નાગરિકોનું હતું એ કામ પોતે કર્યું હતું, પરંતુ કોઈના ચહેરા ઉપર કે શબ્દોમાં ક્યાંય ફરિયાદ નહોતી કે નહોતો કોઈ ઉપકાર કર્યાનો ભાવ. સાથે મળીને એક સારું કામ કર્યાનો સંતોષ અને કમરમાં થોડા દુખાવાની અભિવ્યક્તિ સિવાય કશું નહીં.

કોઈ ઢંઢેરો નહીં, કોઈ પ્રચાર નહીં. 'આચાર એ જ પ્રચારનું શ્રેષ્ઠ માધ્યમ છે.' ગાંધીજીનો એ મંત્ર સ્વીકારીને આ સેવકોએ પોતાના સુઆચાર દ્વારા જે સંદેશ આપ્યો છે એ નાગરિકોનાં હૃદય સુધી પહોંચે એવી પ્રાર્થના.

- કુંતલ નિમાવત









(તસવીર : કશ્યપ નિમાવત)

## જુનિયર સિટીઝન કાઉન્સિલનો ફોન કાર્યરત

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરની સેકટર-૧૨ સિવિલ કંપાઉન્ડમાં સ્થિત સ્વૈચ્છિક સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગરનું કાર્યાલય સ્થળ બદલતા સંપર્ક માટેનો ફોન થોડા સમયથી બંધ હાલતમાં હતો. જેથી નગરજનોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. સંસ્થા અનેક સામાજીક કાર્યો સાથે સંકળાયેલી છે. સંસ્થાનો બંધ પડેલો ફોન તા. ૨૫ સપ્ટેમ્બરથી શરૂ થઈ ગયો છે જેની સૌ નગરજનોએ નોંધ લેવી. જુનિયર સિટીઝન કાઉન્સિલના સંપર્ક નબંર નીચે મુજબ છે. ૨૩૨૪૨૦૨૩, ૨૩૨૪૦૧૮૨, ૯૪૨૬૮ ૩૩૩૪૪

## વાસણીયા મહાદેવમાંથી માતા છ માસની દિકરી સાથે લાપતા

### દિકરીની દવા લેવા જવાનું કહીને નીકળેલી માતા હજુ ઘરે પરત ફરી નથી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીકના વાસણીયા ગામમાં પિયરે આવેલી ૧૯ વર્ષીય માતા તેણીની છ માસની દિકરીને લઈને દવા લેવા જવાનું કહીને ઘરેથી નીકળી હતી. ૨૪ કલાકથી વધુ સમય થઈ ગયાબાદ પણ ઘરે પરત ન ફરતાં તેણીના ભાઈએ પેથાપુર પોલીસ મથકમાં માતા-દિકરીના ગુમ થયા અંગેની જાણવા જોગ અરજી આપતા પોલીસે શોધખોળ શરુ કરી દીધી છે.

વાસણીયા મહાદેવ ખાતે રહેતી ૧૯ વર્ષીય પરિણીતા જાગૃતિબા દાદુસિંહ વાઘેલા તેણીની ૬ માસની દિકરી દિવ્યા સુરેન્દ્રસિંહ બારડને લઈને ગઈ કાલે બપોરે અઢી વાગ્યાના અરસામાં ઘરેથી નીકળી હતી. ઘરેથી દિકરીની દવા લેવાનું જવાનું કહીને નીકળેલી માતા જાગૃતિબાનો હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. દિકરી માતા બંનેની પરિવારજનોએ શોધખોળ કરી પરંતુ કયાંયથી સગડ ન મળતા આખરે તેણીના ભાઈ અજયસિંહ વાઘેલાએ પેથાપુર પોલીસ મથકમાં ગુમ થયા અંગેની જાણવા જોગ અરજી આપી છે. જેને આધારે હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રભાઈએ લાપતા માતા પુત્રીની શોધખોળ માટે દોડધામ શરુ કરી દીધી છે. તો બીજી તરફ ૨૪ કલાકથી માતા-દિકરીના લાપતા થયાના સમાચારથી પરિવારજનો ચિંતાતુર થઈ ગયા છે.

## ચિરવિદાય

● સ્વ. કુન્નભુર કિશ્વન કરૂણનન, ઉ.વ. ૬૯